# પ્રકરણ-5

## આ સર્વે કૃતિઓનું તુલનાત્મક અધ્યયન

## આ સર્વે કૃતિઓનું તુલનાત્મક અધ્યયન :

**સમસ્યાઓ :** બધી સમસ્યાઓના મૂળમાં પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થાને કારણે સામાજિક મૂલ્યો અને કહેવાતા ધાર્મિક મૂલ્યોને કારણે સ્ત્રી સાથે થતો ભેદભાવ છે. સ્ત્રીનું સતત થતું અપમાન, અવગણના અને સ્ત્રીની અસ્મિતા પર થતાં ઘાત છે.

બીજી સમસ્યા છે સ્ત્રીને વિકસવા માટેનો કોઈ અવકાશ જ ના આપવો તે. ત્રીજી સમસ્યા છે સ્ત્રી શિક્ષણનો અભાવ, ચોથી સ્ત્રીની પ્રતિભાનો સ્વીકાર કરવામાં પુરુષોને જે બાબતની નાનમ લાગે છે તે, સ્ત્રીને પણ શારીરિક જરૂરિયાતો છે, અથવા એમ કહો કે સ્ત્રી પણ માણસ છે, તેની જરૂરિયાતો પણ પુરુષ જેવી જ હોય છે તે બાબતનો સ્વીકાર કરવાની.

કુલ છ નવલકથાની છ નાયિકા અનુપા, વસંત, મંદા, તારા, રીટા, પ્રફુલ્લા. માતાઓ ના પાત્રો વિમળાબા, કુસુમની બા, કૃષ્ણકાન્તની બા, બઊ, પ્રેમ, તારાની મા, અવન્તિકાદેવી, કાનનબાલા, ઉપરાંત સહનાયિકાઓ અથવા ગૌણ સ્ત્રી પાત્રોમાં મેઘના, અમી, કેયા, જલ્પા, સુગના, કુસુમા, શીરીન, સંગીતા, સરસ્વતી, ઈના, રેવતી અને અનેક આદિવાસી સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

આ બધી નાયિકા જુદા જુદા સામાજિક સ્તરમાંથી આવે છે. બધી નાયિકાનો પરિવેશ અને સમસ્યાઓ અને સંવેદનાઓ અલગ અલગ છે.

પણ આ બધી નાયિકાઓમાં સર્વસાધારણ વાત એ છે કે આ બધી નાયિકાઓ પોતાની અસ્મિતા, પોતાના ગૌરવ માટે સભાન છે. પોતાનું આત્મસન્માન જાળવી રાખવા તેઓ કોઈ પણ સંજોગોમાં કટિબધ્ધ છે.

ગુજરાતી નવલકથાની બે નાયિકાઓ વસંત અને અનુપા બંને મુંબઈની છે, બંને ઉંમરના જુદાં જુદાં તબક્કામાં છે, બંને ઘરમાં ગૂંગળાય છે પણ બંનેની સમસ્યાઓ જુદી છે. જો કે બંનેની

સમસ્યાઓ લગ્નજીવન અને પતિ સાથે સંકળાયેલી છે. બંનેની સમસ્યામાં વત્તાઓછા અંશે આર્થિક પરાધીનતા ભાગ ભજવે છે. બંનેએ છેવટે પતિથી જુદાં થવાનો નિર્ણય લીધો.

વસંત અનુપાની આગલી પેઢીની સ્ત્રી છે. વસંતને પારંપરિક ગૃહિણીની જેમ ઘર અને ઘરનાં લોકોને માટે જીવવું ગમે છે. એની સમસ્યા એના પતિએ ભરજુવાનીમાં બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી તેને કારણે હતી. વસંતની દૈહિક ઇચ્છાઓની અવહેલના કરીને એનો પતિ કૃષ્ણકાંત પોતાના આત્માના ઉદ્ધાર માટે વસંતને રિબાતી છોડી દે છે. એક જ ઘરમાં બે ય અજાણ્યાની જેમ જીવી રહ્યા છે. એવું નથી કે વસંતે કૃષ્ણકાંતને પાછા વાળવાનો પ્રયાસ નથી કર્યો પણ જયારે કૃષ્ણકાંત તરફથી એના અને સમસ્ત નારીજાતિનાં ગૌરવ પર આડકતરી રીતે ઘા કરવામાં આવે છે, ત્યારે વસંત પોતાની બધી ઈચ્છાઓને સંકોરીને એક કોચલામાં પોતાની જાતને બંધ કરી લે છે. પોતાના સ્વમાનના ભોગે તે કંઈ જ નથી ઈચ્છતી, પોતાનો પત્ની તરીકેનો અધિકાર પણ નહીં. હા, એનામાં કૃષ્ણકાંતને કે ઘરને છોડવાનું સાહસ નહોતું. એનું એક કારણ કદાચ એ પણ હતું કે, એને જવા માટે બીજું કોઈ ઘર નહોતું. અને બીજું કારણ તેમની દીકરીઓ હતી. તે ઇચ્છતી હતી કે દીકરીઓનો ઉછેર તંદુરસ્ત વાતાવરણમાં થાય અને ત્રીજું કારણ આર્થિક અક્ષમતા અને સમાજ શું કહેશે એનો ભય હોય શકે. ઘરમાં દીકરીઓનાં તંદુરસ્ત ઉછેર માટે સરસ વાતાવરણ સર્જવાની એણે કોશિશ કરી તે પણ સર્જી શકી નહિ, કારણકે એક હાથે તાળી વાગે નહિ ભીતર પ્રસન્નતા હોય તો બહાર આવે વસંત આજીવન એક જાતના વિષાદ સાથે મન મારીને જીવી. પણ જયારે તેની દીકરી મેઘનાનું લગ્ન એક નપુંસક પુરુષ સાથે થાય છે ત્યારે તે પોતે ભોગવી એવી પીડા સાથે દીકરીને ના જીવવું પડે માટે પતિ અને સમાજનો ભય રાખ્યા વિના બંડ પોકારે છે. અને પતિથી જુદી થઈને જીવવાનું નક્કી કરે છે. એને આ નિર્ણય લેવામાં એની દીકરીઓનો આધાર છે.

એનાથી ઉલટું અનુપા યુવાન છે, એને એનાં સપનાં છે, મહત્વાકાંક્ષા છે. તેના લગ્ન કરીને પિતાને જવાબદારીમાંથી મુક્ત થવું હતું. પિતાની ઈચ્છાને અનુપા અવગણી નથી શકતી, તે મિહિરને પરણી જાય છે. મિહિર સી.એ.થયેલો છે, સારું કમાય છે, એટલે એક સામાન્ય ભારતીય પુરુષની જેમ તેની ઈચ્છા અનુપા ગૃહિણી બનીને ઘર સાચવે એવી જ છે. પણ અનુપાને માત્ર ગૃહિણી બની રહેવામાં રસ નથી, એમાં બે પ્રસંગે તે ગૃહિણી જ છે, કંઇ કામ કરતી નથી કહીને મિહિર તેનું અપમાન કરે છે, તેનાથી એક નાનકડો અકસ્માત્ થતા તેની પાસેથી ગાડીની ચાવી એમ કહીને લઇ લે છે કે, ગાડી એની કમાણીના રૂપિયાની છે, ત્યારે અનુપા સમસમી ઉઠે છે. એને થાય છે, ઘરમાં સ્ત્રી ગમે એટલું કામ કરે તેના કામની કોઈ કિંમત ગણાતી નથી. ઘરમાં કે બહાર જે રોકડમાં કમાતું હોય તેને જ માન અને અધિકાર મળે છે. અને પછી ફરી એક વાર મનમાં ધરબી દીધેલાં એના સપનાં સળવળી ઉઠે છે. એને હવે ઘરની ચાર દીવાલ ગુંગળાવે છે. એને પોતાની જાતને સાબિત કરવી છે, એને પદ, પૈસા અને સત્તા ત્રણેમાં રસ છે. અને તેની પાસે આવડત પણ છે. લગ્નજીવન અને ઘરમાં જ તેને જીવનની ઇતિશ્રી લાગતી નથી. પોતાની મહત્વાકાંક્ષા પુરી કરવા, પોતાનું આત્મસન્માન જાળવવા તે લગ્નજીવનને દાવ પર મૂકી દે છે. મિહિર જે રીતે વર્ત્યો હતો તે માટે તેની પર એને ગુસ્સો નથી, એને એટલી સમજ છે કે, મિહિર પુરુષ પ્રધાન વ્યવસ્થામાં ઉછર્યો છે માટે તેની વિચારસરણી આ જ પ્રકારની હોય. મિહિરનો ઈરાદો તેને દુઃખ પહોંચાડવાનો ય નહોતો. પણ અનુપા શોખ ખાતર કામ કરે ત્યાં સુધી મિહિરને વાંધો નહોતો તે ગંભીરતાથી કલાકો ઘર બહાર કામ અંગે રહે અને મિહિરની જરૂરિયાતો અનુસાર ઘરની વ્યવસ્થા ના જળવાય તેનો મિહિરને વાંધો છે. અનુપા જાણે છે કે તેનાં સપનાં પુરા કરવામાં મિહિરનો ઘરને અગ્રિમતા આપવાના આગ્રહ નડતરરૂપ બનશે.માટે જ મિહિર સાથે બહુ અણબનાવ ના હોવા છતાં પોતાનાથી છૂટો થઈને મિહિર કોઈ ઘરરખ્ખુ છોકરી સાથે પરણીને સુખી થાય અને પોતે પોતાના સ્વપ્ન નિર્વિઘ્ને પૂરાં કરી શકે માટે અનુપા સામેથી

જીદ્દ કરીને  મિહિરને છૂટાછેડા આપીને ઘરની બહાર નીકળી જતાં ખચકાતી નથી. તે પોતાને જોઈતી મંઝિલ પ્રાપ્ત કરીને જંપે છે.

આમ આ બે ય નાયિકાઓ કોઈ બૃહદ્દ ઉદ્દેશ માટે કે પરોપકારથી નહિ પણ પોતાના જીવનને પોતાના ગૌરવ માટે પતિથી અલગ થવાના નિર્ણય કરે છે. જો કે અનુપા ફરી એક વાર મિહિર સાથે સહજીવન પૂરતી સમજ સાથે આરંભે છે. તે પોતાના સંઘર્ષ અને પરિશ્રમથી પોતે વાંછતી હતી તે મેળવી પોતાની જાતને સાબિત કરે છે, અને સહજીવન એટલે માત્ર પત્નીએ જ પતિને અનુકૂળ થવું એમ નહીં પતિ-પત્ની બે ય એ એકબીજાની જોડે અનુકૂળ થઈને જીવવું એમ એ મિહિરને સમજાવી શકે છે. વસંત કૃષ્ણકાંત બદલાશે એવી વર્ષો આશા રાખે છે, પણ એમને બદલવા કોઈ કઠોર પગલાં લઈ  શકતી નથી, જયારે અનુપા વસંતની પછીની પેઢીની યુવતી છે તે આત્મવિશ્વાસથી પોતે જે ઝંખે છે તે પોતાની મહેનતને જીદ્દથી મેળવીને રહે છે.

આ દૃષ્ટિએ વસંત અને મેઘનાની પણ એ દૃષ્ટિએ તુલના કરી શકાય. એ બંનેની સમસ્યા લગભગ એક સરખી છે. એકને લગ્નજીવનના શરૂઆતના તબક્કામાં થોડો સમય પતિ તરફથી શરીરસુખ મળ્યું છે. બીજીને બિલકુલ મળ્યું નથી.

મેઘના પિતાની નચાવી કઠપૂતળીની જેમ નાચતી હતી તે લગ્ન પછી જયારે જાણે છે કે, તેનો પતિ નપુંસક છે ત્યારે વસંતની જેમ આખી જિંદગી સોસવાઈને જીવવા કરતાં એ પતિને અને સાસરિયાને છોડી દેવાનો નિર્ણય કરતાં સહેજે ખચકાતી નથી. જો કે તેની પાછળ મા અને બહેનનું પીઠબળ અને સાથ છે. અચાનક માથે પડેલું દુઃખ મેઘનાને પરિપક્વ બનાવે છે, તે પોતે તો છૂટાછેડા લેવાનું નક્કી કરે છે, સાથે માને પણ આવા પોકળ સંબંધને ફગાવી દેવા માટે દબાણ કરીને પિતાથી છુટા થઇ જવા પ્રેરે છે. એ દૃષ્ટિએ કહી શકાય કે આજની નવી સ્ત્રીઓ હવે સમાજના ભયથી પોતાનાં વ્યક્તિગત સુખને હોમી દેવા તૈયાર નથી.

મિહિરના ધનવાન ક્લાયન્ટની પત્ની કેયા નિઃસંતાન છે. અને તેનો સમૃધ્ધ પતિ કેયાની અવગણના કરીને બીજી સ્ત્રી સાથે છડેચોક સંબંધો રાખે છે, એટલે કેયા દુઃખી છે. પહેલાં બધે દુઃખી હોવાનું ગાણું ગાઈને કેયા લોકોની સહાનુભૂતિ મેળવવામાં પડી હતી, પણ પછી આત્મદયામાંથી બહાર નીકળીને પોતાના રૂપિયાનો ઉપયોગ સમાજનાં ઉત્કર્ષ માટે વાપરીને પ્રવૃત્તિશીલ રહીને મનને સકારાત્મકતા તરફ વાળે છે.

જલ્પાનું આર્થિક શોષણ તેનો સગાં ભાઈ ભાભી જ કરે છે. ભાઈ ઑફિસમાં આખો દિવસ કામ કરાવી કોઈ વળતર નથી આપતો અને ભાભી સવાર,સાંજ કામવાળીની જેમ કામ કરાવે છે. કારણ જલ્પાની આર્થિક પરાધીનતા. પણ આ પરિસ્થતિમાંથી છૂટવા ઈચ્છતી જલ્પા અંતે તેની ભાભીને સ્તન કેન્સર હોવાનું નિદાન થતાં ફરી એકવાર ભાઈના બાળકો અને સંસારને સાચવવાને જ નિયતિ માની સ્વીકારી લે છે.

હિન્દી નવલકથાની બે નાયિકાઓ મંદા અને તારા પણ બે જુદી જુદી ઉંમરની અને સમાજના જુદા સ્તરમાંથી આવતી યુવતીઓ છે. બંનેમાં સમાનતા એ છે કે બે ય પોતાના અંગત દુઃખોને ભૂલે પરોપકાર માટે પ્રવૃત્ત થઈ છે. બંનેની ઉંમર, પરિવેશ જુદાં છે. મંદા ગામડાની વીસેક વરસની માત્ર આઠ ધોરણ સુધી ભણેલી પણ ગણેલી વધુ હોય એવી યુવતી છે અને તારા દિલ્હીની બત્રીસેક વર્ષની ખુબ ભણેલી આધુનિક યુવતી છે. બંનેની સમસ્યાઓ માને કારણે ઉભી થઈ છે. એકની વિધવા મા એને મૂકીને પ્રેમી સાથે નાસી ગઈ એને કારણે એનું જીવન વેરવિખેર થઇ ગયું છે તો બીજીની મા વેશ્યા હોવાને કારણે જીવનમાં ધાર્યા લક્ષ્ય સુધી તે પહોંચી શકતી નથી. બંને શારીરિક શોષણનો ભોગ બની છે. એક કહેવાતા મામા દ્વારા તો બીજી સગા બાપ દ્વારા. અને છતાં બંને સ્વસ્થતાપૂર્વક કોઈ જાતના માનસિક તણાવ વિના ભૂતકાળને ભૂલી નવેસરથી જીવનની શરૂઆત કરે છે. બંને વ્યક્તિગત જીવનને અતિક્રમીને લોકકલ્યાણની ભાવનાથી પોતાના જીવનમાં પ્રવુત્તિશીલ બને છે.

મંદા ગામડાની એક સમયના જમીનદાર કુટુંબની યુવતી છે. જો કે ભૂતકાળની સંપન્નતા હવે તે ગુમાવી ચુકી છે. તેની વિધવા મા એને મૂકીને પ્રેમી સાથે નાસી ગઇ, એના કારણે અડધી જમીન માના પ્રેમીએ વેચી ખાધી અને બીજી અડધી દાદી મંદાને એની માથી છુપાવવા જયાં આશરો લે છે તે જમીનદારના ભાઇ ગોવિંદસિંહે વેચી ખાધી. તેમને ખાવાના સાંસા પડી જાય એવી પરિસ્થિતિ થઇ જાય છે પણ છતાં પોતાનું અને પોતાની દાદીનું પેટ ભરવા તે કોઇ અનૈતિક કામ કરતી નથી. તે લોકોને રામાયણ સંભળાવીને જરૂર પૂરતું કમાઇ લે છે. પણ નાની ઉંમરમાં તેની મા તેને મૂકીને ભાગી ગઇ એટલે તેણે ખુબ હાડમારી વેઠી છે. દુઃખ અને અનુભવે તેને પરિપક્વ બનાવી છે. મંદાની ઉપર સોળ,સત્તર વર્ષની ઉંમરમાં બળાત્કાર થયો હતો, તે જ બળાત્કારીએ તેની સગાઇ પણ મંદા ચારિત્રહીન છે અને કુંવારી નથી એમ કરીને તેને બદનામ કરીને તોડાવી નાખી છે. મંદા બળાત્કારનો ભોગ બની હોવા છતાં તેના મનમાં પોતે અપવિત્ર થઇ ચુકી છે એવી કોઇ ગ્રંથિ બંધાઇ નથી. અને મંદા ભાંગી પડી નથી. તે હારીને કોઇ પણ અણગમતાં યુવાન સાથે સગાઈનો વિકલ્પ સ્વીકારવા ય તૈયાર નથી. તેનું એક સ્વપ્ન હતું તેના પિતાએ બનાવડાવેલા હોસ્પિટલમાં ડૉક્ટર હોય એવું. તેનો પ્રેમી જેની સાથે તેની સગાઇ થઇ હતી તે મકરંદ, મંદાનું આ સ્વપ્ન પૂરું કરવા જ ડૉક્ટરીનું ભણી રહ્યો છે, અને એના માબાપે ભલે સગાઇ તોડી નાખી હોય તે હજી મંદાને ચાહે છે, તેવું એણે મંદાને પત્રથી જણાવ્યું છે. તે વર્ષો પોતાના ગામથી દૂર રહીને પાછી ફરે છે, ત્યારે પહેલું કામ દવાખાનામાં સરકારી ડૉક્ટર મુકાય તે માટે અરજી કરીને દોડાદોડ કરે છે. એમાં નિષ્ફળ જતાં હતાશ થઇ જાય છે. પણ પછી એક સંતની પ્રેરણાથી તેની નજર પોતાના ગામના લોકોની દુર્દશા તરફ વળે છે. અને ત્યાર પછી મંદા અંગત સુખને ભૂલીને આખા ગામના દુઃખને દૂર કરવા માટે પ્રયત્નશીલ થાય છે. આમ વ્યક્તિથી સમષ્ટિ તરફ તે ગતિ કરે છે. ઉપરાછાપરી નિષ્ફળતા મળવા છતાં તે હિંમત હારતી નથી, અને વાસ્તવનો સામનો કરતાં પાછી પડતી નથી.

એનાથી ઉલટું બત્રીસેક વર્ષની તારા ખુબ ભણેલી છે, દિલ્હી જેવા મહાનગરમાં વસતી યુવતી છે, છેક અમેરિકા સુધી ભણવા જઈ આવી છે, દુર્ભાગ્યે સ્કોલરશીપ બંધ થઇ જતા પોતાનું પીએચ.ડી પૂરું કરી શકી નથી. તારા એક વેશ્યાની પુત્રી છે. અને પોતે પણ સ્કોલરશીપ અટકી જતાં કૉલગર્લનું કામ કરી ચુકી છે. પણ બહુ જલ્દી તે આ શરીરની ચૂંથાચૂંથથી ત્રાસી જાય છે, અને ડૉક્ટર અંસારીની મદદથી કૉલગર્લ રૅકેટમાંથી મુક્ત થઇને ભારત પાછી ફરે છે. પછી ડૉક્ટર અંસારીને ઘેર હાઉસકીપરની નોકરી સ્વીકારી લે છે, એણે ડૉક્ટર અંસારીની કેન્સરગ્રસ્ત પત્ની અને માનસિક અસ્વસ્થ દીકરાની કાળજી રાખવાની છે, સાથે રસોઈ પણ કરવાની. ત્યાં રહેતા રહેતા તે એમના માનસિક બીમાર શાહિદના આવેગનો ભોગ બનીને ગર્ભવતી થાય છે. અને કોઈ કુંઠા વિના લગ્ન વિના બાળકને જન્મ આપવાનો નિર્ણય લે છે. જો કે તારા વેશ્યા વ્યવસાયમાં હતી, એનો કોઈ અપરાધબોધ એના મનમાં નથી. એ પોતે માત્ર પરિસ્થિતિનો ભોગ હતી એમ જ તે માને છે. ડૉક્ટર અંસારીની દીકરી શીરીન તારાની સારી સખી છે. શીરીન તેની માનું સ્વપ્ન પૂરું કરવા બિહાર મુજ્જફરપુરમાં આવેલી માની નાનીના બંગલામાં ગરીબ, લાચાર, અનાથ બાળકો, વેશ્યાઓના બાળકો તથા અસહાય સ્ત્રીઓ અને નિરાધાર વૃદ્ધો માટે આધારશિલા નામની સંસ્થા શરુ કરે છે, તેમાં તારા કામ કરવા જોડાઇને પોતાની જિંદગીને એક ઉદાત્ત ઉદ્દેશ સાથે જોડે છે. તારા પણ કૉલગર્લના વ્યવસાયમાં હતી છતાં પોતાના સ્વાભિમાનના રક્ષણ માટે સભાન છે.

બંને મરાઠી નવલકથાની નાયિકાઓ રીટા અને પ્રફુલ્લા બે ય એવી નાયિકા છે, જે એટલી ભાંગી પડી હતી કે, પોતાનું ભાવિ શું તે પ્રશ્ન તેમને સતાવતો હતો. બંને ડિપ્રેશનનો ભોગ બની હતી. બંને સ્વબળે અને સ્વપ્રયત્ને એમાંથી બહાર આવે છે, બંને પોતાના પુરુષને કારણે ભાંગી પડી હતી. બંને ખુબ મનોમંથન પછી પોતે પોતાને માટે જીવવાનો નિર્ણય કરે છે. અને સમાજ, માતા-પિતા, દીકરો કે બીજા કોઇની ય પરવા કરતી નથી.

પંદર વર્ષના અંતરંગ સંબંધો પછી પણ સાળવીમાં રીટા અને તેના સંબંધો સ્વીકારવાની હિમત નથી તેને મન તે પ્રેમ સંબંધ નથી લફરું છે, એ વાત રીટાને ખટકે છે. રીટાનો પ્રેમી સાળવી તેની સાથે ખુલ્લેઆમ બહાર ફરવા જવાની, ફિલ્મ કે નાટક જોવા જવાની હિંમત કરી શકતો નથી જે સ્ત્રીને તે વર્ષોથી ભોગવે છે, તેને થોડો પણ આનંદ આપવાની કે માન આપવાની તેનામાં હિંમત નથીને વૃત્તિ પણ નથી. પોતાને આટલા વર્ષોના સંબંધ પછી ય ચોરની જેમ જીવવું પડે તે બાબત રીટાને પીડે છે. પ્રેમ સંબંધની શરૂઆતથી જ તે જાણતી હતી કે સાળવી પરણિત છે, એટલે એની અપેક્ષાઓ સીમિત જ હતી, પણ વર્ષોનાં  સંબંધ પછી તેની અપેક્ષા એટલી જ છે કે સાળવી આ સંબંધનો પોતાના કુટુંબમાં સ્વીકાર કરે, પોતે રીટાને ચાહે છે, અને કુટુંબની સાથે જ રીટા પરત્વે પણ પોતાની જવાબદારી છે, આર્થિક નહિ પણ રીટા માટે લાગણીની જવાબદારી. જે સમય તે છાનોછપનો રીટા સાથે વિતાવે છે, તે ઘરના અને સમાજને જણાવીને ખુલ્લેઆમ તેની સાથે વિતાવે, ક્યારેક ઈચ્છા થાય તો એની સાથે થોડોક સમય ફરવા માટે બહારગામ પણ જાય. જે પુરુષના પ્રેમમાં  આટલાં વર્ષો વિતાવ્યા, જેના ગમે-અણગમાનું ધ્યાન રાખીને રીટા જીવી, જેને કારણે સમાજમાં બદનામી પણ વહોરી તેની પાસે રીટાની આટલી જ અપેક્ષા છે જે ના સંતોષાતાં રીટા નર્વસ બ્રેકડાઉનનો શિકાર બને છે. ને સાળવી તેને માનસિક રોગની સારવારની હોસ્પિટલમાં દાખલ કરાવીને ખસી જાય છે. રીટાને જયારે ખરેખર જરૂર હતી ત્યારે તે એક વાર પણ રીટાને હોસ્પિટલમાં મળવા જતો નથી. રીટા મનોમંથન પછી એવા નિર્ણય પર પહોંચે  છે કે ભલે સાળવી તેની સાથે લગ્ન ના કરે પણ તેમના પ્રેમ સંબંધને જાહેરમાં સ્વીકારવા તૈયાર ના હોય તો હવે તે સંબંધ પર પૂર્ણવિરામ મૂકવું. સાળવી માટે હજી ય પ્રેમ હોવા છતાં પોતાના આત્મસન્માનને ભોગે આ સંબંધને તે નિભાવવા તૈયાર નથી. રીટા આ સંબંધમાંથી મુક્ત થવા માટે પોતાની બહેનપણી સરસ્વતી અને બહેન સંગીતાનો સાથ માંગે છે. અને તે લોકોની સાથે મળીને ગરીબ નિરાધાર સ્ત્રીની સહાય માટે કામ કરવાનું નક્કી કરે છે.

પ્રફુલ્લાના પતિએ બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા પ્રફુલ્લાને છૂટાછેડા આપ્યા છે. એને પોતાને જલ્દી છુટા થઈને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની ઉતાવળ હતી એટલે તે પોતાનો ફ્લૅટ પ્રફુલ્લાના નામે કરી આપે છે, અને ભરણપોષણ આપવા પણ તૈયાર થાય છે. પણ  છૂટાછેડા પછી તે પ્રફુલ્લા પરથી અને ફ્લૅટ પરથી હક્ક છોડવા નથી માંગતો એના કારણે પ્રફુલ્લાનો સંઘર્ષ શરુ થાય છે. પુરુષપ્રધાન સમાજની માનસિકતાને કારણે પુરુષને પત્ની પોતાની મિલ્કત લાગે છે, એટલે પોતે છોડી દે તો ય એના પરનો અધિકાર જતો કરવાની તૈયારી નથી હોતી અને સામાન્ય રીતે પત્ની પણ લગ્ન પછી પતિ પર એટલી બધી નિર્ભર રહેતી હોય છે કે તે પણ છૂટાછેડા પછી ય દરેક બાબતે નિર્ણય લેતાં પહેલાં ભૂતપૂર્વ પતિના ગમા-અણગમા વિષે વિચાર્યા વિના રહી શકતી નથી. પ્રફુલ્લા પણ છૂટાછેડા પછી ય પતિના ડરમાંથી સહજતાથી મુક્ત થઈ શકતી નહોતી એને કારણે જ તેને ડિપ્રેશન થાય છે. પણ તે પણ ખુબ સંઘર્ષ કરીને મન મજબૂત કરી પતિની સત્તામાંથી પોતાની જાતને મુક્ત કરે છે. શરૂઆતમાં તે પણ કોઈ સહારો હોય તો સારું એમ વિચારે છે, પણ અંતે પ્રફુલ્લા ઘણા સંઘર્ષ અને મનોમંથન પછી નક્કી કરે છે કે, કોઈનો ય સાથ કે આધાર નહિ લેવાનો. કારણકે એક વાર બીજાની પર નિર્ભર રહેવાનો અનુભવ એ લઈ  ચુકી છે, અને પછી એ અવલંબન ખસી ગયું અને તે સહારો ખસી ગયો ને એ બિલકુલ ભાંગી પડી હતી, હતાશાની ગર્તામાં સરી પડી હતી. પોતાની જાતને ફરી ઉઠીને ઉભી કરતાં  એને ખુબ સંઘર્ષ કરવો પડ્યો. એટલે તે ફરી કોઈનો ય ટેકો લેવા માંગતી નથી હવે તે માત્ર પોતાની જાતને ભરોસે આગળ વધવાનું નક્કી કર્યું છે.

આમ વાસ્તવિકતાથી ભાગીને નહીં વાસ્તવિકતાના સ્વીકાર સાથે જીવનને નવે રસ્તે વાળવાની મથામણ આ બધી નાયિકામાં જોવા મળે છે.

મંદા, તારા, રીટા, પ્રફુલ્લા આ ચાર નાયિકાઓ વ્યક્તિગત દુઃખમાંથી બહાર આવીને બીજા પોતાનાથી નબળા લોકો માટે કામ કરવા કટિબધ્ધ થાય છે. ચારેયની સમસ્યાઓ જુદી છે, પણ જિંદગી તરફનો અભિગમ ધીમે ધીમે સકારાત્મક બન્યો છે.

વિમળાબા અને બઊ, કુસુમની બા અને  કૃષ્ણકાન્તની બા આ ચારે  જે જૂની પેઢીની સ્ત્રીઓ છે તેમના વલણ અને વર્તનનો અભ્યાસ કરીએ તો લગભગ જુદાં જુદાં પ્રદેશ અને જુદાં જુદાં સામાજિક સ્તરમાંથી આવતી હોવા છતાં તેમના વર્તનમાં ઘણું સામ્ય જોવા મળે છે. આ ચારે સ્ત્રીઓ મોટેભાગે અભણ અથવા ખુબ જ ઓછું ભણેલી છે. આ બધી જ પિતૃસત્તાક વ્યવસ્થાને વળગી રહેનારી છે. તેઓ પુરુષને કેન્દ્રમાં રાખીને પોતાના અસ્તિત્વને નગણ્ય રાખીને જીવતી સ્ત્રીઓ છે.

એમાં વિમળાબા અને બઊ બંને પોતાના દીકરાઓના સુખને લક્ષ્યમાં રાખીને જીવવામાં જ જીવનનું સાર્થક્ય ગણે છે. છતાં વિમળાબા પ્રમાણમાં જડ માનસિકતા નથી ધરાવતાં. તેમનામાં હજી પરિવર્તનક્ષમતા છે. તેઓ પોતાના દીકરાઓને કેન્દ્રમાં રાખીને જીવતાં હોવા છતાં વહુ અનુપાને પણ એમના સમકક્ષ જ સ્થાન આપે છે, અનુપાને સમજવાનો પ્રયાસ પણ કરે છે. પોતાને માટે જીવવાનું ભૂલી ગયેલા વિમળાબાને અનુપા ફરી એકવાર પોતાની માટે પણ જીવવું ખોટું નથી એ ગળે ઉતારી શકે છે.

જયારે બઊ મંદાની દાદી સામંતશાહી વ્યવસ્થામાં ઉછરેલી છે, તે  મંદા માટે પોતાની જીવનશૈલીમાં થોડું ઉદાર વલણ અપનાવે છે, પણ પોતાની વહુ પ્રેમને માટે એમનું વલણ બિલકુલ જક્કી અને જડ રહે છે, પોતાની ભૂલને કારણે પસ્તાવો કરતી પ્રેમને માફ કરવા જેટલાં ઉદાર તે થઇ શકતાં  નથી.  કાકાસસરા સાથેના સંબંધથી ગર્ભવતી થયેલી કુસુમાને પણ તેઓ સ્વીકારી શકે છે, માત્ર પોતાની વહુ વૈધવ્ય પાળીને ના જીવી શકી એટલે એની માટે એમના

મનમાં કોઇ સહાનુભૂતિ નથી. જો કે આ બંને વિધવાઓ ધર્મને કે ધર્મનાં આડંબરને પરિવારના સુખ કરતાં ઉચ્ચ સ્થાન આપ્યું નથી, તેમનું સુખ તેમનાં સંતાનોના સુખમાં સમાયેલું છે.

અમીની બહેનપણી ચૌલાની મમ્મી કુસુમની બા અને કૃષ્ણકાન્તની બા બંને સરખી માનસિકતા ધરાવતી સ્ત્રીઓ છે, એમણે ધર્મનાં આડંબરને જીવનમાં પરિવારના સુખ કરતાં વધુ મહત્વ આપ્યું. જેને કારણે ઘરનાં અન્ય સભ્યોનાં જીવન છિન્નભિન્ન થયાં. કૃષ્ણકાંતના બા વૈધવ્ય પછી પોતાના ભગવાન લાલાને અને કૃષ્ણકાંતને કેન્દ્રમાં રાખી જીવન જીવ્યાં પણ મરતી વખતે પોતાની સેવાનો વારસો કૃષ્ણકાંતને આપીને ગયાં અને ધર્મભીરુ કૃષ્ણકાંતે એ સેવા અને બાહ્ય કર્મકાંડને જ જીવનનું સર્વસ્વ માનીને પોતાની પત્ની સાથે સંસારસુખ ભોગવવાનું છોડ્યું. કૃષ્ણકાંતે પોતાની માને ઈશ્વરસેવાને નામે વ્રત-ઉપવાસ અને બાહ્ય કર્મકાંડને જ જીવનનું સર્વસ્વ ગણીને જીવતી જોઇ હતી એટલે એને જ એમણે જીવનનો સાર માની લીધો. એમની માતા તો વિધવા હતી અને તેને પોતાના જમાનાની રૂઢિ પ્રમાણે વૈધવ્ય ધર્મ પાળવો ફરજીયાત હતો માટે એ શરીર સુખને ત્યાજ્ય ગણતી હતી પણ પોતાની વહુ અને દીકરો પરણિત છે, એમને માટે સંસારસુખ ભોગવવું અયોગ્ય નથી એ વાત તે પોતે તો ના સમજ્યાં, અને વસંતને સલાહ આપતાં રહ્યાં કે દાંપત્યજીવન તો વંશવૃદ્ધિ માટે હોય છે, ભોગ ભોગવવા માટે નહીં. આમ તેઓ પોતે તો જીવનને ના સમજ્યાં પણ એમનો દીકરો ય ના સમજી શક્યો. એને કારણે વસંત અને કૃષ્ણકાંતનું લગ્નજીવન છિન્નભિન્ન થઇ ગયું.

એવી જ રીતે કુસુમબહેનની માએ મરજાદ લીધી હતી એના કારણે બાહ્ય ક્રિયાકાંડ પાળવાની એમની ઘેલછાને લીધે કુસુમબહેન, એમનો ભાઇ તથા તેમનાં પિતાનું જીવન દુષ્કર બની ગયું હતું.

પ્રેમ અને તારાની માના પાત્રોમાં થોડું સામ્ય જોવા મળે છે, બન્ને વચલી પેઢીની સ્ત્રીઓ છે, એક વૈધવ્ય પછી દૂરના બનેવીથી પ્રેમનાં નામે થી છેતરાઈ અને બીજી પતિ સંન્યાસી થઇ ગયો માટે દૂરના દિયરથી છેતરાઇ. બંને ધનલોલુપ પુરુષોનો ભોગ બની.

મંદાની મા પ્રેમ  ભરજુવાનીમાં વિધવા થઈને પછી કામવાસના સતાવવા લાગતા દૂરના બનેવી રતનસિંહ યાદવની પ્રેમજાળમાં ફસાઇને એની સાથે નાસી ગઇ. નાસી ગયાના વર્ષો પછી પોતે છેતરાયાનો તેને ખ્યાલ આવે છે, પણ પાછા વળવા માટે કોઇ રસ્તો નથી. કારણકે દૂરના બનેવીએ એની જમીન વેચી ખાધી છે અને એની જુવાનીનો રસ ચૂસીને એને પોતાના મામાના દીકરાની જોડે પરણાવી દીધી છે. પસ્તાયેલી પ્રેમ માર ખાઇને પણ મંદાનો કબજો લેવા માટે કરેલો કેસ પાછો ખેંચી લે છે. અને પોતાનું આગળનું જીવન ભાગ્ય માનીને સ્વીકારી લે છે, પણ રતનસિંહ યાદવ સાથે લડી-ઝઘડીને પણ જમીન વેચીને મળેલા રૂપિયામાંથી પચાસ હજાર બચાવીને મંદાને આપી પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરે છે.

તારાની માના લગ્ન પછી ટૂંક સમયમાં જ તેનો માસ્તર પતિ ઘર છોડીને સંન્યાસી થઇ ગયો અને ત્યાર ય પછી યુવાન સુંદર પત્નીનો મોહ છોડી ના શકતાં છાનોમાનો મળવા આવીને પત્નીને ભોગવે છે. પરિણામે તારાની મા ગર્ભવતી થાય છે, અને પોતાના જ પતિથી ગર્ભવતી થઇ  હોવા છતાં ઘરના અને ગામના લોકો તેને ચારિત્ર્યહીન માને છે, તારાના જન્મ પછી તેનો એક દિયર તેના પતિ પાસે લઇ જવાનું બહાનું કરીને તેને દિલ્હી લઈ જઇને કુટણખાનામાં વેચી દે છે, અને એમ તારાની મા વેશ્યાવૃત્તિ કરવા લાચાર બની જાય છે. એણે આ વ્યવસાય પોતાનું ભાગ્ય માનીને અપનાવી લીધો પણ જે પતિને કારણે પોતાની આ દુર્દશા થઇ તેને મરતાં સુધી માફ ના કરી શકી. એણે બહુ પ્રયાસ કર્યો કે તારાને આ વ્યવસાયમાં ના આવવું પડે પણ તે નિષ્ફળ રહી. તે અંતે રોગિષ્ટ થઇને મૃત્યુ પામી.

અવન્તિકાદેવી અને કાનનબાલા બંને વચલી પેઢીની ભણેલી-ગણેલી કમાતી સ્ત્રીઓ છે, છતાં બંને પોતાના ઘર, પરિવારને ટકાવી રાખવા સમાધાન કરે છે. અવન્તિકાદેવી પોતે વકીલ અને એક રાજકીય પાર્ટીના સાંસદ હતાં, કાનનબાલા દિલ્હી ઑલ ઇન્ડિયા રેડીઓમાં ડાન્સ અને ડ્રામા ડિવિઝનનાં પ્રોડ્યૂસર હતાં.સાથે ઇપ્ટાના કલાકાર, બંને પોતાના કામને કારણે કેટલાય પુરુષોના પરિચયમાં હતાં, એને કારણે બંનેના પતિ એમની પર વહેમાતા હતા, છતાં બે એ બને ત્યાં સુધી પતિના મહેણાં-ટોણાં ને માર ખાઈને ય દાંપત્ય નિભાવ્યું. એમની પર અત્યાચાર ગુજારનારા બંનેના પતિઓ અનુભવે, એમને બીજા પુરુષોની તુલનામાં સારા પુરુષો લાગતા હતા કારણકે એ બંને પુરુષો ગમે એટલા વિચિત્ર હોય છતાં પત્નીને વફાદાર હતા.આ બંને સ્ત્રીઓએ તેમના પતિની મર્યાદાઓ સહીત તેમને સ્વીકાર્યા હતા.

અવન્તિકાદેવીને એમના પતિ સતીષ કક્કડે થોડા વર્ષોના દાંપત્યજીવન પછી એક દિવસ મારીને લોહીલુહાણ કરીને ઘરમાંથી કાઢી મૂક્યાં. એમણે કોઇ અસીલની મદદથી ઘર લઇને પોતાની વ્યવસ્થા કરીને તે સમયમાં થોડા આક્રોશ સાથે કોઇ સાથે સંબંધ નથી છતાં વહેમાય છે, તો સાચે જ એમ કરીને કેમ ના બતાવું ?  એ વિચારથી જે અસીલે આશરો આપ્યો તે અને બીજા પણ કેટલાક પુરુષો સાથે ભાવનાત્મક અને શારીરિક સંબંધોથી જોડાયા. એમનું વચગાળાનું જીવન સ્વચ્છંદી હતું એમ તેઓ તારા પાસે કબૂલે છે, પણ પછી ધીમે ધીમે એ બધાં સંબંધોનો તેમને ત્રાસ થવા લાગ્યો અને એમાંથી મુક્ત થયાં, છેવટે જયારે જાણ્યું કે પતિ બીમાર છે  અને જે સગાં વહાલાં પાછળ પતિ ખુવાર થયા હતા, તેમાંના કોઈ તેમની સારવાર નથી કરાવતા એ જાણીને એકલા દવાખાનામાં પડેલા કક્કડ સાહેબની સાથે લડીઝઘડીને ય પોતાની સાથે રહેવા લઈ આવ્યા.

કાનનબાલા અને ડૉક્ટર અંસારીનું પ્રેમલગ્ન હતું પણ ડૉક્ટર અંસારીની પ્રથમ પત્નીએ આ બે પ્રેમીઓ પરણી  શકે માટે આત્મહત્યા કરી હતી એ જાણી ચૂકેલા ડૉક્ટર અંસારી

અપરાધબોધથી પીડાઈને બધો ગુસ્સો કાનનબાલા પર ઉતારતા રહેતા. આટલી પ્રતિભાશાળી સ્ત્રી હોવા છતાં મરતાં સુધી કાનનબાલાએ આ દાંપત્ય નિભાવ્યું. કારણકે એમનું કહેવું એમ હતું કે, ડૉક્ટર અંસારી ઉપરથી દેખાતા હતા એવા અંદરથી નહોતા.લગ્ન પહેલા કાનનબાલા ગેંગરેપનો ભોગ બન્યા હતા, ત્યારે ડૉક્ટર અંસારીએ જ તેમની સારવાર કરી હતી અને તે સમયથી જ બંને અલગ અલગ ધર્મના હોવા છતાં એકબીજાના પ્રેમમાં પડ્યા હતા.

નાયિકા સિવાયના સ્ત્રી પાત્રોની તુલના કરીએ તો સહનાયિકા અમી, મેઘના, સુગના, કુસુમા, શીરીન, સરસ્વતી, સંગીતા, રેવતી આટલી સ્ત્રીઓ નોંધપાત્ર છે.

અમી, મેઘના બંને બહેનો હોવા છતાં બંને એક-બીજાથી ધણી જુદી છે. મેઘનાએ બાપના પગલે ચાલીને ધર્મ-ધ્યાન, અને બાહ્ય ક્રિયાકાંડોના આડંબરને જ જીવન માની લીધું હતું. જયારે અમી માના હાથે ઘડાઈ છે. તે વિચારશીલ સ્વતંત્ર વ્યક્તિ છે. પોતાની જિંદગીના નિર્ણય પોતે લેવામાં માને છે. અને મેઘનાને પણ સમયે સમયે ટોકીને જ્યાં કંઇક ખોટું થતું હોય ત્યાં વિચાર કરવા માટે ટપારે છે. પણ મેઘના પર એની અસર થતી નથી. એકને બાપની ચિંતા છે તો બીજીને  માની ચિંતા છે. જો કે મેઘનાના લગ્ન પછી જ્યારે મેઘનાને ખબર પડે છે  કે, તેનો પતિ સંસ્કાર નપુંસક છે. ત્યારે શાંત, ધર્મભીરુ મેઘના વિદ્રોહ કરે છે. તે પોતે સાસરું છોડીને છૂટાછેડા લેવાનું નક્કી કરે છે, સાથે પોતાના અનુભવે પોતાની મા વસંતની આટલા વર્ષોની પીડા તે હવે સમજી શકે છે. અને માને પણ પોકળ લગ્નજીવનનો બોજ ફગાવી દેવા બંને બહેનો દબાણ કરે છે. આમ આ બંને નવી સ્ત્રીઓ સમાજથી કે પુરુષ સત્તાથી ડરતી નથી. બંને બાપ કૃષ્ણકાંતને પડકારે છે.

કેયાનો સમૃધ્ધ પતિ કેયાની અવગણના કરીને બીજી સ્ત્રી સાથે છડેચોક સંબંધો રાખે છે, પહેલાં બધે દુ:ખી હોવાનું ગાણું ગાઈને કેયા લોકોની સહાનુભૂતિ મેળવવામાં પડી હતી, પણ પછી

આત્મદયામાંથી બહાર નીકળીને પોતાના રૂપિયાનો ઉપયોગ સમાજનાં ઉત્કર્ષ માટે વાપરીને પ્રવૃત્તિશીલ રહીને મનને સકારાત્મકતા તરફ વાળે છે.

જલ્પાનું આર્થિક શોષણ તેનો સગાં ભાઈ ભાભી જ કરે છે. ભાઈ ઑફિસમાં આખો દિવસ કામ કરાવી કોઈ વળતર નથી આપતો અને ભાભી સવાર, સાંજ કામવાળીની જેમ કામ કરાવે છે કારણ જલ્પાની આર્થિક પરાધીનતા. પણ આ પરિસ્થતિમાંથી છૂટવા ઈચ્છતી જલ્પા અંતે તેની ભાભીને સ્તન કેન્સર હોવાનું નિદાન થતાં ફરી એકવાર ભાઇના બાળકો અને સંસારને સાચવવાને જ નિયતિ માની સ્વીકારી લે છે.

આમ અહીં કેયા અને જલ્પાએ નિયતિને સ્વીકારીને સમાધાન કરી લીધેલું જોવા મળે છે.

મંદાની સખી સુગના આ બધી છોકરીઓની તુલનામાં નાની છે, ભણેલી પણ ઓછું છે. ગભરુ છોકરી હોવા છતાં છતાં તે ય પુરુષ સત્તાથી ગભરાતી નથી. એની પર વારંવાર બળાત્કાર ગુજારતા ભાવિ સસરા અભિલાખસિંહને કારણે તે ગર્ભવતી થઈ પછી આક્રોશથી અભિલાખસિંહનું ખૂન કરી નાખતાં ખચકાતી નથી. પણ પછી ભાંગી પડે છે અને અગ્નિસ્નાન કરીને આપધાત કરે છે.

શીરીન પણ એમનાં જેવી જ છે. તે પણ કાયમ મા કાનનબાલાને પિતાના અત્યાચાર સહન કરતી જોઈને લગ્ન સંસ્થા પરથી વિશ્વાસ ગુમાવી ચુકી છે. બાપની સામે પણ એના મનમાં વિદ્રોહ છે. અને માની ઈચ્છા પુરી કરવા તે માને દફનાવવાને બદલે બાળવાનો આગ્રહ રાખી તેના અસ્થિ વિસર્જન કરવા પણ જાય છે. ને અંતે માની ઈચ્છા પુરી કરવા માની નાનીના બંગલા જોગનિયા કોઠીમાં 'આધારશિલા' નામની સંસ્થા વેશ્યાઓ, ભીખ માંગતા બાળકો, વિસ્થાપિત મજૂરો અને નિરાધાર વૃદ્ધો વિગેરેની મદદ માટે શરુ કરે છે. પોતાની પસંદગીના હિન્દુ યુવાનને તે બાપની ઈચ્છાની ઉપરવટ જઈને પરણવાનું નક્કી કરે છે. પણ તેની

પસંદગીના યુવાન સ્પંદન કક્કડ અને શીરીન બંને પોતાના માબાપનું વિછિન્ન દાંપત્ય જોયા પછી પરણતા ખચકાય છે, છેવટે બે ય લગ્ન વિના સહજીવન ગાળવાનો નિર્ણય લે છે.

કુસુમા, સરસ્વતી અને રેવતીનાં  જીવનની પણ કંઇક અંશે તુલના કરી શકાય  ત્રણે પરણેલી છે, એક ગામડાની છે, તે થોડું ભણેલી જયારે બીજી બે શહેરની અને  ભણેલી અને આત્મસન્માન માટે જાગૃત. ત્રણે પતિને કારણે દુઃખી છે. ત્રણેના મનમાં પતિ માટે આક્રોશ છે, અને ત્રણે પોતાના જીવનના નિર્ણયો જાતે લેવા ઇચ્છે છે, તે છતાં એ બાબતે સરસ્વતી અને રેવતી કરતાં કુસુમા વધુ સ્વતંત્ર મિજાજની અને તડફડ કરીને  નિર્ણય લેનારી છે.

કુસુમા સાસરીમાં રહેતી હોવા છતાં ત્યક્તા જીવન ગુજારી રહી છે, તે શામળી હોવાથી એના પતિને એ ગમતી નથી વળી ગરીબ ઘરની છે, માટે દહેજ ઓછું લાવી છે. એટલે એનો પતિ ફરી પરણ્યો છે. અને કુસુમાની સામે જ બીજી પત્ની સાથે સંસાર માંડીને રહે છે. કુસુમાને માથે તેના ક્ષયના દર્દી કાકાસસરાની સેવાશુશ્રુષા કરવાની જવાબદારી છે. ક્ષયના દર્દી હોવાના કારણે દાઉ જુને પરણાવવામાં આવ્યા નથી. આમ એક ત્યક્તા અને અવહેલનાનો ભોગ બનેલી સ્ત્રી અને એક બીમાર પણ કામનાઓથી પીડાતો પુરુષ બંને એકબીજાના સંસર્ગમાં આવતાં પ્રેમમાં પડે છે. અને કાકાસસરા સાથેના સંબંધથી કુસુમા ગર્ભવતી થાય છે. એનો પતિ યશપાલ ઉશ્કેરાઇને તેને મારી નાખવાના પ્રયાસ કરે છે, અને ગર્ભ પડાવી નાખવાનું કહે છે, પણ કુસુમા તેને ગાંઠતી નથી.તે બાળકને જન્મ આપે છે, અને એકલાં હાથે ઉછેરવા ય દૃઢ નિશ્ચયી છે. ગામડાની હોવા છતાં તેની ય હૈયાઉકલત ન્યારી છે.

સરસ્વતી મુંબઈની રહેવાસી છે, સુંદર છે, ભણેલી છે. છતાં તેના માબાપે તેને દહેજ આપીને સુંદરમ સાથે પરણાવી છે. એને કુસુમાની જેમ શોક્યનું  દુઃખ નથી પણ લગ્ન પછી અનુભવે તેને સમજાય છે કે તેના પતિ સુંદરમને મન તેનું કોઈ મહત્વ નથી. તે પોતાના કામને પરણ્યો છે. સરસ્વતી સાથે લગ્ન સામાજિક રૂઢિને કારણે કર્યા છે, જેથી તેની શારીરિક ઇચ્છાઓ સંતોષાય,

પોતાનો વારસદાર મળે, ઘરમાં બે ટાઇમ ખાવાપીવાની અને બીજી સગવડ સચવાય અને ઉપરથી દહેજ મળે એટલે તેના પતિએ તેની સાથે લગ્ન કરેલું. બાકી તેને મન સરસ્વતીનું કોઈ મૂલ્ય નહોતું. સરસ્વતીએ વાર્તા લેખનમાં પોતાની મુક્તિ શોધી છે.

સંગીતા પણ પોતે ભણી રહીને નોકરીએ લાગે છે, ત્યારે બહેન રીટાને પોતાના લગ્નની ચિંતા કર્યા વિના હવે સ્વતંત્ર રીતે પોતાનું જીવન જીવવાની સલાહ આપે છે. તે કહે છે કે, મારે પરણવું હશે તો મારા રૂપિયાથી પરણીશ. તારા પણ એવી જ સ્વતંત્ર યુવતી છે. આ બધી એવી યુવતીઓ છે, જેમને પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા પસંદ નથી. પુરુષોએ લાદેલા નિયમો કે આદેશો પણ તેમને મંજુર નથી. પોતાના નિર્ણયો પોતે જ લેવાની તે આગ્રહી છે.

રીટાના માબાપની મિત્ર ઈનાએ સોળ વરસની ઉંમરે અનાથ થયા પછી એક પુરુષની રખાત થઈને જીવવાનું સ્વીકારી લીધું, પણ તે ઘરમાં બેસી નથી રહી સાથે નોકરી પણ કરે છે, અને ભલે અનૈતિક કહેવાય પોતાની મરજી મુજબનું જીવન જીવી રહી છે, બદલાતી સ્ત્રીની આ પણ એક છબી છે.

રેવતીની સ્થિતિ આ બંને કરતાં થોડી જુદી છે, તે પ્રફુલ્લાની નાનપણની બહેનપણી છે. તે લગ્ન પછી નોકરી કરે છે, સાથે આખા ઘરની જવાબદારી સંભાળે છે. તેનો પતિ દિનેશ પોતાનો પગાર તેના હાથમાં આપીને પોતાની જવાબદારી પુરી થઇ ગઇ એમ માને છે. રેવતી સવારથી રાત સુધી ઘર અને કુટુંબની બધી જવાબદારીઓ સંભાળતા થાકી જાય તો ય દિનેશ તેને ઘરકામમાં કે બાળકોને ભણાવવા બાબતે કોઈ મદદ કરતો નથી અને જો થાકેલી રેવતી રાત પડે સંભોગ માટે અનિચ્છા દર્શાવે તો એને મહેણાં-ટોણાં મારે છે. રેવતી પોતાનો ગુસ્સો પ્રફુલ્લા આગળ ઠાલવતાં કહે છે, આપણે શરીરસંબંધ માટે ના પાડીએ તો આ પુરુષો આપણને તરત જ ઠંડી સ્ત્રી કહીને મહેણાં મારે છે, પણ આપણી ઈચ્છા હોય ત્યારે જો કોઈ કારણસર આપણો વર ઈચ્છા સંતોષી ના શકે તો આપણે જો એમને નપુંસક કે ઠંડો એમ કહીશું તો સહન કરી

શકશે ? રેવતી જો કે ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામી પણ એ જીવતી ત્યારે પ્રફુલ્લા જોતી હતી કે તે આખા ઘરનું સુચારુરૂપે સંચાલન કરતી હોવા છતાં દિનેશ તેના આરામની કદી ચિંતા કરતો નથી. દિનેશને રેવતીનો પગાર ય જોઈતો હતો, અને સાથે રેવતી આખું ઘર સંભાળી ને રાત પડે તેની ઈચ્છાતૃપ્તિ માટે પણ તત્પર રહે એવું ઝંખતો.

આ સાથે 'બ્ર' નવલકથાની કેટલીય આદિવાસી સ્ત્રીઓ છે, જે કમાતી હોવા છતાં પુરુષપ્રધાન સામાજિક વ્યવસ્થાને કારણે પુરુષ દમનનો ભોગ બને છે. છતાં આ બધી સ્ત્રીઓ સંઘર્ષ કરવાથી ગભરાતી નથી.